કાયદાની ઐસી કી તૈસી : નગરપાલિકા તથા વિજ તંત્રના આંખ આડા કાન : તંત્રના પાપે દબાણકારો બેફામ

હિંમતનગર નગર પાલિકામાં સાર્વજનિક હેતુ માટેના કોમન પ્લોટની જગ્યામાં દબાણનો રાફડો ફાટયો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૩

હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં-૬ના મોતીપુરા વિસ્તારની નિજાનંદ નગર સોસાયટીમાં બ્લોક નંબર- ૨૪ ના મકાન માલિક ઉમાકાન્ત સુથાર દ્વારા સોસાયટીના કોમન પ્લોટ ની જાહેર હેતુની સાર્વજનિક જગ્યામાં તાજેતરમાં થઈ રહેલ ગેરકાયદેસર બિન-અધિકૃત બાંધકામ સહિત સોસાયટીની કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં કેટલાક સ્થાનિક રહીશો દ્વારા સંડાશ - બાથરૂમ, નાની-મોટી ઓરડીઓ , દુકાનો - ગેરેજ તથા કારખાનાઓ ઉભા કરી દબાણ કરવામાં આવતા સોસાયટીના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે જેને લઈને એક જાગૃત નાગરિક દ્વારા હિંમતનગર નગરપાલિકા મહિલા પ્રમુખ યતીનબેન મોદી તથા સ્થાનિક કોર્પોરેટર સવજીભાઈ ભાટીને રૂબરૂ મૌખિક રજૂઆત કરવામાં આવી છે ત્યારે કેટલાક સ્થાનિક રહીશો દ્વારા નીતિ-નિયમો નેવે મૂકીને છેડે ચોક કરવામાં આવેલા ગેરકાયદેસર બિનઅધિકૃત દબાણો સોસાયટીના રહીશોના હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી દબાણો દૂર કરવામાં આવી એવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

નિજાનંદ નગર સોસાયટીમાં કોમન પ્લોટની સાર્વજનિક જાહેર હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં સ્થાનિક રહીશો દ્વારા નીતિનિયમો નેવે મૂકીને છેડેચોક ગેરકાયદેસર બિન અધિકૃત સંડાશ - બાથરૂમ, નાની-મોટી ઓરડીઓ , દુકાનો - ગેરેજ તથા કારખાનાઓ ઉભા કરી દબાણ કરવામાં આવ્યા હોવાથી સોસાયટીમાં કોઈ પણ નાના મોટા પ્રસંગ કરવા હોય તો તેના માટે જગ્યા નથી .. ! જેથી સોસાયટીના મધ્યમ વર્ગના સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને જન્મ-મરણ-લગ્ન પ્રસંગ કે સામાજિક પ્રસંગો ની ઉજવણી માટે સાર્વજનિક હેતુ માટેના કોમન પ્લોટ માં દબાણકારો દ્વારા ગેરકાયદેસર બિનઅધિકૃત દબાણોને પગલે જગ્યા ન હોવાથી નાનો મોટો પ્રસંગ કરવો હોય તો મોંઘા ખર્ચે પાર્ટી પ્લોટ ભાડે લેવાની નોબત આવી પડે છે તેમજ નાના-મોટા વાહનો પાર્કીંગ કરવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેથી સોસાયટીના રહીશોને હિતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર તથા વિજ તંત્ર દ્વારા નીતિનિયમો નેવે મૂકીને મેળવવામાં આવેલા ભૂતિયાં કનેકશનનો સહિત ગેરકાયદેસર બિન - અધિકૃત બાંધકામોને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

સોસાયટીના સ્થાનિક રહીશ દ્વારા ગેરકાયદેસર વીજ કનેક્શનો અંગે વીજ તંત્રને રજૂઆત કરવામાં આવી હતી

વાણિજ્યિક હેતુના વિજ કનેક્શન માટે સ્થળમાં અન્ય કોઈનો હક્ક , હિત હોય તો તેમની જરૂરી કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ હોવી જરૂરી છે તેમજ સ્થળ ભાડાનું હોય તો. માલિકનું વીજ જોડાણ આપવા માટે "ના વાંધા પ્રમાણપત્ર" તથા સ?થળની માલિકી દર્શાવતો/મકાન નંબર સાથેનો સક્ષમ અધિકારીનો દાખલો, અગર કરવેરા બીલની છેલ્?લા વર્ષની પ્રામાણિત નકલ સહિતના આધાર પુરાવાઓ વગર વીજ તંત્ર દ્વારા ભૂતિયા કનેક્શન આપવામાં આવતા નિજાનંદનગર સોસાયટીના રહીશ દીપકભાઈ ધોબીએ આજથી ત્રણેક માસ અગાઉ સોસાયટીના કોમન પ્લોટ ની સાર્વજનિક હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર બિનઅધિકૃત રીતે ઉભા કરાયેલ " કુમાર વેલ્ડીંગ વર્કસ " નામના કારખાનામાં અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ભૂતિયા વિજ કનેક્શન અંગે નાયબ ઈજનેર યુજીવીસીએલ હિંમતનગરને લેખિતમાં અરજી કરી ભૂતિયા કનેક્શન રદ કરવા માગણી કરી હતી.

નગરપાલિકા તંત્ર તથા વિજ તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી ભૂતિયા કનેક્શન સહિત દબાણો દૂર કરવા લોકમાંગ

હિંમતનગર નગરપાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં- ૬ની નિજાનંદ નગર સોસાયટીમાં વીજતંત્રની રહેમ નજર હેઠળ અરજદારની માલિકી અથવા કાયદેસરના ભોગવટાના પુરાવા વગર ફાળવવામાં આવેલા ભૂતિયાં કનેકશનનો સહિત કોમન પ્લોટ ની સાર્વજનિક હેતુ માટે ની ખુલ્લી જગ્યામાં કરવામાં આવેલા દબાણો અંગે વીજ તંત્ર તેમજ નગરપાલિકા તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી ભૂતિયા કનેકશન રદ કરી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી લોક માંગ પ્રબળ બની છે.

એનસીસી ડાયરેકટોરેટ ગુજરાત દ્વારા આયોજિત "એક મૈં સો કે લિયે" અભિયાનના પાંચમા ચરણનો પ્રારંભ

'કારગીલના વીરોને ગુજરાતનો આભાર' અંતર્ગત ૨૫ હજાર શુભેચ્છા કાર્ડ કારગીલ સરહદ પર તૈનાત જવાનોને કારગીલ વિજય દિવસની ૨૨મી વર્ષગાંઠે ગુજરાતના એનસીસી કેડેટસ મોકલશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એનસીસી ડાયરેકટોરેટ ગુજરાતના એનસીસી કેડેટસની ભારતીય સેનાના જવાનો પ્રત્યેની કૃતજ્ઞતા અને રાષ્ટ્રભક્તિ ભાવનાની આગવી સંવેદનારૂપે 'કારગીલના વીરોને ગુજરાતનો આભાર' અભિયાનનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

એનસીસી ડાયરેકટરેટ ગુજરાતના વડા મેજર જનરલ અરવિંદ કપૂરની પ્રેરણાથી "એક મૈં સો કે લિયે" અભિયાન ગુજરાત સ્થાપના દિવસ ૧લી મે-૨૦૨૧થી શરૂ કરવામાં આવેલું છે.

આ અભિયાનના ૪ તબક્કાને મળેલી સફળતા અને સોશિયલ મિડીયા પ્લેટફોર્મ ટવીટરના માધ્યમથી ૧૪ લાખ હિટસની સિદ્ધિ માટે વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડસ દ્વારા સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ પ્રાપ્ત થયેલું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ સર્ટિફિકેટ એનસીસી ડાયરેકટોરેટ ગુજરાતના એડીશનલ ડિરેકટર મેજર જનરલ અરવિંદ કપૂરને અર્પણ કર્યુ હતું.

આ અભિયાનના પાંચમા તબક્કામાં ગુજરાતના એનસીસી કેડેટસ ૨૫ હજાર શુભેચ્છા કાર્ડ દેશની કારગીલ સરહદે તૈનાત જવાનોને કારગીલ વિજય દિવસની ૨૨મી વર્ષગાંઠ ૨૬ જુલાઈ એ મોકલવાના છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અભિયાનના પાંચમા તબક્કાનો પ્રારંભ કરાવતાં રાજ્યની વધુને વધુ યુવાશક્તિ શાળા-કોલેજોમાં એનસીસીમાં જોડાઈને દેશહિત સર્વોપરિની ભાવના સાથે રાષ્ટ્રની એકતા-અખંડિતતા માટે રાષ્ટ્રસેવા સમર્પણ ભાવ કેળવે તેવું પ્રેરક આહવાન કર્યુ હતું.

મારૂતિ સુઝીકી અને જીએલએસ યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ.

અમદાવાદની જીએલએસ યુનિવર્સિટીમાં આજે મારૂતિ સુઝુકી કંપની સાથે એમ.ઓ.યુ. કરાયા. જી.એલ.એસ. યુનિવર્સિટીના બી.બી.એ. કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ઈન્ટર્નશીપ પ્રોગ્રામ માટેના એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યા હતા.ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની પ્રેરક ઉપસ્થિતમાં મારૂતિ સુઝુકી કંપનીના હોદ્દેદારો અને જીએલએસ. યુનિ.ના પ્રમુખ સુધીર નાણાવટી દ્વારા મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ કરવામાં આવ્યા હતા.

ડીસાના ગાયત્રી મંદિરથી માર્કેટયાર્ડ ત્રણ રસ્તા સુધી ટ્રાફિક ચક્કાજામ

વારંવાર થતાં ટ્રાફિકના કારણે વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન : નવિન બનાવેલ ઓવરબ્રિજ પર વાહન વ્યવહાર શરૂ કરવા માંગ

ડીસા શહેરના ગાયત્રી મંદિરથી માર્કેટયાર્ડ ત્રણ રસ્તા સુધી ટ્રાફિક ની સમસ્યા દૂર કરવા એલિવેટેડ બ્રિજ બનાવાયો છે પરંતુ તેનું લોકાર્પણ ન થતા ટ્રાફિકની સમસ્યા એવીને એવી જ છે. જેથી નવીન બનાવેલ એલિવેટેડ બ્રિજ સત્વરે ચાલુ કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા દૂર થઈ શકે તેમ છે.

બનાસકાંઠા જીલ્લાના નેશનલ હાઈવે પર ડીસાના ઓવરબ્રિજની કામગીરી પૂર્ણતાના આરે છે પરંતુ ઓવરબ્રિજ શરૂ કરવામાં આવ્યો નથી. જેથી વારંવાર ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે. કંડલા પોર્ટ થી દિલ્હી ને જોડતો નેશનલ હાઈવે ૨૭ ડીસા શહેરના મધ્યમાંથી પસાર થાય છે. જેથી ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન થઈ ગઈ હતી તેમજ આ હાઈવે પર અનેક નાના મોટા અકસ્માતો સર્જાતા અનેક માસૂમ લોકોએ જીવ પણ ગુમાવ્યા છે ત્યારે આ સમસ્યા થી પીડાતા લોકો એ અનેક વાર સરકારમાં તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી ને રજુઆત કરી હતી. લોકોની રજુઆત ને ધ્યાને લઈ સરકાર દ્વારા ૨૨૨ કરોડના ખર્ચે ડીસામાં હાઈવે પર સર્જાતી ટ્રાફિક સમસ્યા નિવારણ માટે એલિવેટેડ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો જેથી ટ્રાફિક સમસ્યાથી લોકોને છુટકારો થાય તેમજ અકસ્માત ના બનાવોમાં પણ ઘટાડો થાય. આ બ્રિજ નું તમામ કામ પૂર્ણ થઈ ગયું છે પરંતુ આ એલિવેટેડ બ્રિજ નું

લોકાર્પણ કરવાનું બાકી હોવાથી આ બ્રિજ ચાલુ કરવામાં આવ્યો નથી. જેથી લોકોને ભારે હાલાકી પડી રહી છે.દરરોજ ગાયત્રી મંદિરથી રાજમંદિર સુધી વાહનોની લાંબી કતારો જામે છે. જેના કારણે લોકો બે બે કલાક સુધી ટ્રાફિકમાં અટવાય છે લોકો રોડ પર આડેધડ વાહનો પાર્ક કરે તેમજ રોગ સાઈડ માં જતા વાહનો ના કારણે પણ આ ટ્રાફિક ની સમસ્યા સર્જાતી હોય છે. વાહન ચાલકો તેમજ રાહદારી લોકો ની માંગ છે કે સત્વરે આ એલિવેટેડ બ્રિજ ચાલુ કરવામાં આવે તો આ ટ્રાફિકની સમસ્યા માંથી છુટકારો થઈ શકે.

સોસાયટીઓના રહીશો પણ પરેશાન

ડીસામાં ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે અદ્યતન ઓવરબ્રિજ બનાવાયો છે પણ ક્યાંય ડાયવરઝન કે ક્રોસિંગ ન આપતા હાઈવે આજુબાજુની સોસાયટીના રહીશોની હાડમારી વધી પડી છે તેમને ના છૂટકે જીવના જોખમે પોતાના વાહનો રોંગ સાઈડે હંકારવા પડે છે તેથી ઓવરબ્રિજના લોકાર્પણ પૂર્વે તેમની વ્યાજબી રજુઆત ધ્યાને લેવાય તેવી રહીશોમાંથી માંગ ઉઠવા પામી છે.

સાબરકાંઠા જિલ્લામાં રૂ. ૯૨૦૯.૦૬ લાખના ખર્ચે ૯૧૮ પીવાના પાણીની યોજનાઓ પૂર્ણ કરાઈ

જિલ્લામાં અત્યાર સુધી રૂ. ૧૨૮૬૧.૧૮ લાખના ખર્ચે ૧૨૧૫ પીવાના પાણીની યોજનાઓની મંજૂરી અપાઇ

હિંમતનગર તા.૦૩

સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ એવા ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાના અંતરીયાળ ગામો ઉપરાંત અન્ય તાલુકાના ગામોને પીવાનું શુધ્ધ પાણી મળે રહે તે માટે સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી રૂ. ૧૨૮૬૧. ૧૮ લાખની ૧૨૧૫ યોજનાઓની મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લાના આદિજાતિ તાલુકાઓના આદિજાતિ લોકો ખાસ કરીને છૂટાછવાયા વસવાટ કરતા હોય છે જેઓને ઉનાળા દરમિયાન પીવાના પાણી માટે ખાસ કરી હેન્ડપંપ કે પાણીના અન્ય સ્ત્રોત પર આધારીત રહેવુ પડતું હતું જિલ્લા કલેકટર દ્વારા આ લોકો પાઈપલાઈનથી ઘર આંગણે પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના અંતર્ગત આવરી લેવાનો નિર્ણય કર્યો જેમાં ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાના ૩૦ ગામોને આવરી લેવાયા છે જેથી ૯૧૭૦ પરીવારોને ઘર આંગણે પીવાનું શુધ્ધ પાણી મળી રહેશે. જેમાં વિજયનગરના ૧૦, પોશીનાના ૭ તથા ખેડબ્રહ્માના ૧૩ ગામો માટે રૂ. ૨૧૪૫.૪૨ લાખની નવિન યોજનાઓને મંજૂરી અપાઈ છે.

જયારે વડાલી અને તલોદની એક-એક, હિંમતનગરની બે, પોશીનાની ૩, ઈડરની ૪, ખેડબ્રહ્માની ૧૨ અને વિજયનગર તાલુકાની ૧૨ યોજનાઓને સુધારીને વહિવટી મંજૂરી આપવામાં આવી છે તો તલોદના કરમીપુરા, નાનીસિહોલી અને ઉમેદની મુવાડી ગામની ૩ યોજનાઓને રદ કરવામાં આવી છે. જિલ્લામાં રૂ. ૯૨૦૯.૦૬ લાખના ખર્ચે ૯૧૮ પીવાના પાણીની યોજનાઓ પૂર્ણ કરાતા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું છે.

ડીસામાં બાળ તરુઓનું વિતરણ...

ડીસા સહિત જિલ્લામાં કોરોના મહામારીના બીજા તબક્કામાં ઓક્સિજની અછતને લઈ અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.તેથી લોકોને વિના મૂલ્યે ઓક્સિજન આપતા ઋષિ સમાન વૃક્ષોનું મહત્વ સમજાઈ ગયું છે. જેથી ચોમાસુ શરૂ થતાં ઠેરઠેર વૃક્ષા રોપણ થઈ રહ્યું છે. જેમાં કેટલીક સેવાભાવી સંસ્થાઓ પણ જોતરાઈ છે. ત્યારે કોરોના મહામારીને હંફાવવા લોકોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે ઔષધીય ઉકાળાનું વિતરણ કરનાર રામબાણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડીસાના સાઈ બાબા મંદિર અને જલારામ મંદિર ખાતે તુલસી સહિતના ઔષધિય છોડનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં શહેરવાસીઓને આ છોડ પોતાના ઘેર ઘેર રોપણી કરવાની સલાહ પણ વૈદ્યરાજ કાંતિલાલ માળીએ આપી હતી.

આધુનિક વાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાઈ છે. આ વાનની અંદર તમામ પ્રકારના ગુનાની પ્રાથમિક તપાસ માટે કીટ તૈયાર કરાયેલી છે. જેથી લૂંટ, મર્ડર, બળાત્કાર, ડ્રગ્સ, આગ સહિતની ઘટનાઓમાં સ્થળ પર જ પ્રાથમિક તપાસ કરી રિપોર્ટ મળશે. આ પહેલા રાજ્યમાં ગુનાખોરી પર અંકુશ અને સર્વેલન્સ માટે પોલીસને બોડી વોર્ન કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. રોડ પર ફરજ બજાવતાં પોલીસકર્મીઓ સાથે વાહન ચાલકો બોલાચાલી કરી ઘર્ષણ કરતા હોય છે. આંદોલન, ફૈં બંદોબસ્તમાં ઘર્ષણના બનાવ બનતા હોય છે, ત્યારે પુરાવા માટે હવે પોલીસકર્મીઓને "બોડી વોર્ન કેમેરા" અપાયા છે. અમદાવાદમાં માર્ચ મહિનામાં બોડી વોર્ન કેમેરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરાયું હતું. રાજયની પોલીસ સ્માર્ટ અને ટેકનોલોજી સભર બને તથા કાયદો અને વ્યવસ્થા વધુ સારી રહે તેના માટે સરકારે ૧૦,૦૦૦ બોડી વોર્ન કેમેરા અંદાજીત ૫૦ કરોડના ખર્ચે પોલીસ વિભાગને આપ્યા છે. રાજયના પોલીસને પોકેટ કોપ સહિત અનેક રીતે આધુનિક કરી છે. રસ્તા પર બનતી ઘટના કે ઘર્ષણ અંગે ડિટેકશન કરી શકાય.

પૈસા નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલીક જગ્યાએ તુટી ગયેલી ફેન્સીંગના ગાબડા પુરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ હાલ વાવાઝોડા અને વરસાદી દિવસો દરમિયાન શહેરમાં મુખ્યામાર્ગોઆસપાસનો આ વિસ્તાર ખુલ્લો બન્યો છે. જેના લીધે રોપાઓના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. એટલુ જ નહીં પરંતુ વન આરક્ષિત વિસ્તારમાં બેરોકટોક દબાણો પણ વધ્યા છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગને યોગ્ય કરવા માટે વનતંત્ર પાસે નાણાંકીય જોગવાઈ નથી જેના લીધે ફેન્સીંગનુ કામ પણ હાથ ધરી શકાયુ નથી વિભાગ કક્ષાએથી ફેન્સીંગના ગાબડા પુરવા માટે બજેટ ફાળવવામાં આવે તો આગળ કામ થઈ શકે તેમ છે.

કોરોનાની વેક્સીનને લઇને કેન્દ્રિય મંત્રી

મનસુખ માંડવિયા કાલે અમદાવાદમાં બે ફાર્મા કંપનીઓની મહત્વની મુલાકાતે

ગાંધીનગર, તા. ૩

ફાર્માસ્યુટિકલ વિભાગના કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આવતીકાલે તા. ૪ જુલાઈ ૨૦૨૧, રવિવારના રોજ અમદાવાદ આવશે અને ગુજરાતની બે મહત્વની ફાર્મા કંપનીઓ - ઝાયડસ કેડીલા અને હેસ્ટર બાયોસાયન્સની મુલાકાત કરશે.

ગુજરાતની ઝાયડસ કેડીલા હેલ્થકેર કોરોનાની વેક્સીન 'ઝાયકોવ-ડી' બનાવી રહી છે કે જે વિશ્વની પ્રથમ ડીએનએ આધારિત વેક્સીન છે. અમદાવાદની જ હેસ્ટર બાયોસાયન્સ ફાર્મા કંપની ભારત બાયોટેક સાથે એમઓયુ કરીને 'કોવેક્સીન'નું ઉત્પાદન કરી રહી છે. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાની આ બંને ફાર્મા કંપનીની મુલાકાત ભારતના 'વેક્સીન બાસ્કેટ'ની વૈવિધ્યતા વધારવાની સાથે વેક્સીનનું ઉત્પાદન વધારવામાં સહાયરૂપ થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના 'ફ્રી વેક્સીન ફોર ઓલ'ના પરિપ્રેક્ષ્યમાં મનસુખ માંડવિયાની આવતીકાલની મુલાકાત મહત્વની રહેશે.

તલાટી કમ મંત્રી શીવાભાઈ ચૌધરીનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩

તાલુકા પંચાયત-ગાંધીનગર બેઠક ખંડમાં જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ દિલિપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તલાટી કમ મંત્રી શીવાભાઈ ચૌધરીનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ સમારોહમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાલજી ઠાકોર, તાલુકા વિકાસ અધિકારી જી.એ. ધાંધલીયા તથા જિલ્લા તલાટી મહામંડળના હોદ્દેદારો અને શુભેચ્છકો ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

તંત્રની અપીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે ખેડૂતોએ ડાંગરનું ધરૂ નાખેલ છે ત્યાં વરસાદ ખેંચાતા ધરૂની ઉંમર વધી જવાના કિસ્સામાં રોપણી અંતર ઘટાડવું તથા થાણા દીઠ ૫-૬ ધરૂ રોપા રોપવા. જે ખેડૂતોએ ધરૂ ન નાખેલ હોય ત્યાં ફણગાવેલ બીજનો ઉપયોગ કરવો. અને ઓરાણ ડાંગર માટે જી.આર ૫, ૮ અને ૯ નું વાવેતર કરવું. તેમજ ડાંગરની અવેજીમાં તુવેર, જુવાર, અડદ જેવા પાકોનું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. જમીનમાં પુરતો ભેજ ન જણાય તો નાઈટ્રોજન પુર્તી માટે આપવામાં આવતા રાસાયણિક ખાતરનો ઉપયોગ ટાળવો જોઈએ અને તેમ છતાં કોઈ પોષકતત્વની અછત વર્તાય તો દ્વાવ્ય રાસા. ખાતરનો ફોલિયર સ્પ્રેથી આપવાની ભલામણ કરવા આવે છે.

નવા મુખ્યમંત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂક્યા છે. તેઓ આરએસએસના પણ નજીકના ગણાય છે. પુષ્કર ધામી સીમાંત વિધાનસભા મત વિસ્તાર ખટિમાથી બે વખત ધારાસભ્ય ચૂંટાયા છે. તેઓ રાજયના અન્ય મુખ્યમંત્રીઓ કરતા યુવા છે.

પુષ્કર સિંહ ધામીને સીએમ પદ મળતા સૌ આશ્ચર્યમાં મૂકાયા છે. શરૂઆતમાં તેઓ મુખ્યમંત્રી પદની રેસમાં ક્યાંય નહતા. એકાએક તેમણે સીએમ પદની રેસમાં રહેલા દિગ્ગજ નેતાઓને પછાડી દીધા અને સીએમનો તાજ પોતાના નામે કરી લેતા તમામ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે. સિંહ ઉધમસિંહ જિલ્લાના ખટીમાંથી ધારાસભ્ય છે. તેઓ અહીંથી સતત બીજી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. પુષ્કર સિંહનો જન્મ ૧૬ સપ્ટેમ્બર ૧૯૭૫ના રોજ પિથૌરાગઢ જિલ્લાના ટુંડી ગામમાં થયો હતો. તેમના પિતા લશ્કરમાં ફરજ બજાવી ચૂક્યા છે. તેઓ ત્રણ બહેન વચ્ચે એક ભાઈ છે. તેમણે હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ સાથે ઔદ્યોગિક સંલગ્ન માસ્ટર્સ કર્યુ છે.

પૌડીથી સાંસદ તીરથ સિંહ રાવત ૧૦મી માર્ચના રોજ મુખ્યમંત્રી બન્યા હતા. તેમણે પોતાના પદ પર બની રહેવા માટે ૧૦ સપ્ટેમ્બર સુધીમાં વિધાનસભાના સભ્ય બનવાનું હતુ. રાજયમાં વિધાનસભાની બે સીટો ગંગોત્રી અને હલદવાની ખાલી છે જયાં પેટાચૂંટણી થવાની છે. અટકળો હતી કે રાવત ગંગોત્રી સીટ પરથી પેટાચૂંટણી લડી શકે છે પરંતુ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં જ વિધાનસભા ચૂંટણીને જોતા મુશ્કેલ મનાતું હતું કે ચૂંટણી પંચ પેટાચૂંટણી કરાવે. તીરથના રાજીનામાં બાદ સાફ થઈ ગયું છે કે ખાલી બે વિધાનસભા સીટો પર પેટાચૂંટણી થશે નહીં.

ડેલ્ટા વેરિયન્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોગચાળાના ખૂબ જ જોખમી તબક્કામાં છીએ. ગેબ્રિયેસસ કહ્યું, હજી સુધી કોઈ દેશ જોખમથી બહાર આવ્યું નથી. ડેલ્ટા પેટર્ન જોખમી છે અને તે સમય જતાં બદલાતું રહે છે અને તેના પર સતત દેખરેખ રાખવાની જરૂર છે. તેમણે કહ્યું કે, ડેલ્ટા ફોર્મ ઓછામાં ઓછા ૯૮ દેશોમાં મળી આવ્યો છે અને ઓછા રસીકરણવાળા દેશોમાં ઝડપથી ફેલાય છે.

તેમણે વધુમાં કહ્યું કે, જાહેર આરોગ્ય અને સામાજિક પગલાં જેવા કે કડક દેખરેખ, તપાસ, વહેલી તપાસ, ક્વોરેન્ટાઈન અને તબીબી સંભાળ હજી પણ મહત્વપૂર્ણ છે. ડબ્લ્યુએચઓના ડાયરેક્ટર જનરલે કહ્યું કે માસ્ક પહેરવું, સામાજિક અંતર, ભીડવાળી જગ્યાઓને ટાળવા અને ઘરોને હવાની અવરજવર રાખવા માટે પૂરતી વ્યવસ્થા મહત્વપૂર્ણ છે. તેમણે વિશ્વના નેતાઓને આગ્રહ કર્યો કે, તેઓ મળીને એ સુનિશ્ચિત કરે કે આગામી વર્ષ સુધીમાં દરેક દેશની ૭૦ ટકા વસ્તીને કોવિડ-૧૯ રસી આપવામાં આવે.

તેમણે કહ્યું, રોગચાળાને સમાપ્ત કરવાનો, જીવ બચાવવાનો, વૈશ્વિક આર્થિક પુનઃ સ્થાપિત કરવાનો અને ખતરનાક સ્વરૂપને ઉભું થતો અટકાવવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. આ સપ્ટેમ્બરના અંત સુધીમાં અમે બધા દેશોમાં ઓછામાં ઓછા ૧૦ ટકા લોકોને રસી આપવાનું વિનંતી કરી રહ્યા છીએ. ડબ્લ્યુએચઓએ આ અઠવાડિયે જણાવ્યું હતું કે, ડેલ્ટા ફોર્મ જે પ્રથમ વખત ભારતમાં મળી આવ્યો હતો, તે હવે લગભગ ૧૦૦ દેશોમાં ફેલાયો છે.

જવાન તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોકલામમાં ભારત અને ચીનની સેનાઓ હજુ પણ આમને સામને તૈનાત છે.

આ જ કારણ છે કે ચીનની શંકાસ્પદ હરકતોને જોઈને ભારતે સીમા પર નવા નવા હથિયારો તૈનાત કરવાનું શરૂ કરી દીધું છે. ભારતીય સેના લદ્દાખના ઉંચાઈવાળા વિસ્તરોમાં ચીન સામે લડવા માટે કે-૯ વજ હોવિત્જરને તૈનાત કર્યું છે. આ સિવાય ટી-૯૦ ભીષ્મ, પિનાકા રોકેટ, રફાલ, અપાચે, ચિનૂક જેવા ઘાતક હથિયારો પણ બોર્ડર વિસ્તારમાં

તૈનાત કરવામાં આવ્યાં છે. એટલું જ નહીં ઈઝરાયલ પાસેથી ખરીદેલા ચરા હેરોન ટીપી ડ્રોનને પણ એલએસી પાસે દેખરેખ માટે તૈનાત કરવામાં આવ્યાં છે.

ભારતે ચીન વિરૂદ્ધ ઓફેન્સિવ ડિફેન્સ રણનીતિને અપનાવી છે. આ જ કારણ છે કે લદ્દાખમાં ભારતીય સેનાએ પણ જવાનો અને હથિયારોને મોટી સંખ્યામાં તૈનાત કર્યા છે. ભારતે પહેલાં સીમા પર ચીની અતિક્રમણ રોકવા માટે સૈનિક તૈનાત કર્યાં હતાં, પરંતુ હવે દળ અને બળમાં વધારો કરીને જવાબી હુમલો કરવા અને ચીનની સીમામાં પ્રવેશ કરવાની ક્ષમતા પણ હાંસલ કરી લીધી છે.